ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૨.૪ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૯૨ ટકા

# શહેરમાં કારમાંથી ડાર્ક ફિલ્મ હટાવવા ઝુંબેશ

## એસપીએ ડાર્ક ફિલ્મ હટાવવાની ડ્રાઇવ રાખવા આપી કડક સૂચના : પ્રથમ દિવસે જ ૧૦૦થી વધુ ગાડીઓની ડાર્ક ફિલ્મ ઉતારી ચાલકોને દંડ ફટકારાયો : બીજી તરફ ટ્રાફિક પોલીસની ટોઇંગ ઝુંબેશ યથાવત

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા જિલ્લા પોલીસને કારમાંથી ડાર્ક ફિલ્મ હટાવવાની ઝુંબેશ શરૂ કરવા કડક આદેશ આપી દેવામાં આવ્યા છે. આજથી આ ઝુંબેશ શરૂ કરી જ્યાં સુધી બીજો ઓર્ડર ન થાય ત્યાં સુધી ઝુંબેશ ચાલુ રાખવા સુચના આપવામાં આવી છે. ઝુંબેશના પ્રથમ દિવસે જ ટ્રાફિક પોલીસ દ્વારા ૧૦૦થી વધુ ગાડીઓમાંથી ડાર્ક ફિલ્મ હટાવી ચાલકો પાસેથી દંડ વસૂલવામાં આવ્યો છે. તો બીજી તરફ આડેધડ પાર્કિંગ થતાં ટુ વ્હીલરને ટોઈંગ કરવાની ઝુંબેશ પણ ટ્રાફિક પોલીસ દ્વારા ચાલુ રાખવામાં આવી છે. આજે ઘ-માર્ગ અને સેક્ટર-૧૧ કોમર્શિયલ કોમ્પ્લેક્સ આસપાસથી ૭૦ વાહનો ટોઈંગ કરી તેના ચાલક પાસેથી દંડની વસૂલાત કરવામાં આવી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ ગાંધીનગર અને કલોલ ડિવિઝનની ટીમ ઉપરાંત જિલ્લાના તમામ પોલીસ મથકના ઈન્ચાર્જ અને એલસીબી એસઓજી તથા ટ્રાફિક પોલીસને આજથી જ ફોર વ્હિલર વાહનો પર લાગેલી ડાર્ક ફિલ્મ હટાવવાની ડ્રાઈવ કડકપણે શરૂ કરવા આદેશ આપ્યા છે. આ ડ્રાઈવ આજથી શરૂ કરીને બીજો ઓર્ડર ન થાય ત્યાં સુધી ચાલુ રાખવા પણ હુકમ કરવામાં આવ્યો છે. કઈ પોલીસની ટીમે કેટલી કામગીરી કરી તેનો પણ રિપોર્ટ દરરોજ સવારે સબમિટ કરવા આદેશ આપવામાં આવ્યો છે. ટ્રાફિક પી.આઈ બી.જે.વ્યાસના જણાવ્યા મુજબ આ ઝૂંબેશના પ્રથમ દિવસે જ તેમની ટીમ દ્વારા સોથી વધુ વાહનો માંથી ડાર્ક ફિલ્મ હટાવીને રૂપિયા ૧૦,૦૦૦ થી વધુ રકમનો દંડ વસૂલ્યો છે. તો બીજી તરફ શહેરમાં આડેધડ પાર્કિંગ થયેલા વાહનો પર પણ તવાઈ ચાલુ રાખવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગ ગણાતા ઘ-માર્ગ પર આડેધડ પાર્ક થયેલાં તેમજ સેક્ટર-૧૧ કોમર્શિયલ કોમ્પ્લેક્ષ આસપાસ આડેધડ પાર્ક થયેલાં ૭૦ જેટલા વાહનો ટોઈંગ કરીને તેમની પાસેથી અંદાજે ૯ હજારનો દંડ વસૂલવામાં આવ્યો છે.



## આરએન પ્રાથમિક શાળાના બાળકો મધ્યસ્થ ગ્રંથાલયની મુલાકાતે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સેકટર-૨૩ સ્થિત આર.એન. પટેલ પ્રાથમિક શાળાના ધોરણ-૮ના ૬૦ વિદ્યાર્થીઓએ તા. ૨૩-૮-૨૦૧૮ના રોજ સેન્ટ્રલ લાયબ્રેરી સે-૧૭ની મુલાકાત લીધી હતી. પુસ્તક જેવો કોઈ શ્રેષ્ઠ મિત્ર નથી. બાળકોને પુસ્તકો સાથે મૈત્રી કેળવાય અને આત્મિયતાનો ભાવ બંધાય તેમજ પુસ્તકો સારા મિત્રોની ગરજ સારે તે હેતુ સિધ્ધ થાય તે માટે આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો ઘોડામાં ક્રમબધ્ધ ગોઠવેલા પુસ્તકો જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા. બધા જ બાળકો મન પસંદ પુસ્તક લઈ વાંચવા લાગ્યા હતા. બાળકોએ સંદર્ભ વિભાગ, નોલજ વિભાગ, કોપી રાઈટ વિભાગ તથા રેફરન્સ વિભાગની પણ મુલાકાત લીધી હતી. લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓ કેવી રીતે વાંચન કરે છે તેની પણ માહિતી તેમણે મેળવી હતી. પુસ્તકાલયના લાયબ્રેરિયન ચંપાબેને લાયબ્રેરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી. બાળકોની સાથે શાળાની શિક્ષિકાઓ અર્ચનાબેન તથા નિમિષાબેને પણ આ મુલાકાત લઈ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું.







કોઈ પણ તહેવાર હોય કે જાહેર કાર્યક્રમ, પોલીસના જવાનો રાત-દિવસ ખડે પગે રહીને નાગરિકોને સુરક્ષા પુરી પાડવાનું કામ કરે છે. તેમની રક્ષાબંધન અને જન્માષ્ટમી બધુ ફરજ પર જ ઉજવાય છે. ગાંધીનગરની એલડીઆરપી કોલેજની વિદ્યાર્થીનીઓએ આજે શહેરના તમામ પોલીસ સ્ટેશનમાં જઈને પોલીસ કર્મીઓના હાથે હેતથી રાખડી બાંધતા પોલીસ જવાનો પણ ભાવવિભોર બની ગયા હતા. વિદ્યાર્થીઓએ રાખડી બાંધવા સાથે પોલીસ કર્મીઓને તેમની ફરજ નિભાવવા બદલ 'થેન્ક યુ' કહ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજની હેત્રી મહેતા, માનસી પ્રજાપતિ, બંસી બાબરીયા, વિશ્વા ભાલોડિયા, ક્રિષ્ના ચાંપાનેરી ઉપરાંત વિદ્યાર્થીઓ ચિન્મય શાહ, માર્દવ દોશી, તારક સુથાર, જૈનિલ ચાવડા અને રજત જોશી જોડાયા હતા. વિદ્યાર્થીનીઓએ શહેરના સે-૨૧, સે-૨૨, સે-૨૭, સે-૭, સે-૬ અને ઈન્ફોસીટી ખાતેના પોલીસ સ્ટેશનો આવરી લીધા હતા.



## સે-૩-ન્યુમાં રમતગમત અને કસરતના નવા સાધનો લગાડાયા

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૮માં સેકટર-૩-ન્યુ ખાતે સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાતની ગ્રાન્ટમાંથી બાળકો માટે તદ્દન નવા નક્કોર રમતગમતના સાધનો તથા વસાહતીઓના સ્વાસ્થ્ય માટે કસરત માટેના સાધનો લગાડવામાં આવ્યા છે. આ સાધનોના કારણે સેકટરના બાળકો આનંદિત થઈ ઉઠયા છે અને વસાહતીઓ પણ કસરતના સાધનોનો ઉપયોગ કરી પ્રસન્નતા અનુભવી રહ્યા છે. સેકટરના તમામ બાળકો તથા વસાહતીઓ આ સાધનોનો ઉપયોગ કરે તે માટે કોર્પોરેટરે અનુરોધ કર્યો છે.

## ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ દ્વારા ભજન તથા ફરાળી વાનગી હરિફાઈ યોજાઈ



ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે પવિત્ર અગિયારસના દિવસે સમાજ કાર્યાલય ખાતે ભજન હરીફાઈ તેમજ ફરાળી વાનગીની હરીફાઈ યોજાઈ હતી. જેમાં રાજપૂતાણીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ બાશ્રી સુશિલાબાની આગેવાની હેઠળ અસ્મિતાબા ચુડાસમા(ટ્રસ્ટી) અને ભાવનાબા જાડેજા(ખજાનચી)એ સંપૂર્ણ આયોજનની કામગીરી કરી હતી. જેમાં સંસ્થાના હોદ્દેદારો જ્યોતિબા જાડેજા, કંચનબા ગોહિલ, પ્રવિણાબા રાણા, ચંદ્રાબા ચુડાસમા, નીરૂબા જાડેજા, જનકબા રાણા, ભૂમીબા ચુડાસમા, દિનાબા ચુડાસમા, અનસુયાબા ઝાલા, ગીતાબા ચુડાસમા, જયશ્રીબા ગોહિલ, રીટાબા સરવૈયા, ઈલાબા જાડેજા, દીપાબા ચુડાસમા, વગેરે બહેનોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. વાનગી સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે (૧) અસ્મીતાબા ચુડાસમા, (૨) મીનાબા ઝાલા, (૩) ચંદ્રાબા ચુડાસમા, તેમજ ભજન હરીફાઈમાં પ્રથમ ક્રમાંકે (૧) અસ્મીતાબા ચુડાસમા, (૨) શીલાબા રાણા, (૩) વીણાબા ઝાલા એ નંબરો મેળવ્યા હતા.

# છત્રાલના બિલેશ્વરપુરા ખાતે મોડી રાત્રે એક ફેક્ટરીમાં ભીષણ આગ

## એલ્યુમિનિયમ ઓગાળી રિસાયક્લિંગ કરતી ફેક્ટરીમાં બેકાબૂ બનેલી આગ કાબુમા લેવા બે લાખ લીટર પાણીનો મારો ચલાવ્યો : ગાંધીનગર, અમદાવાદ, કડી, કલોલ અને ઓએનજીસીના ફાયર બ્રિગેડની ટીમો કામે લાગી હતી



ગાંધીનગર, તા. ૨૪

કલોલ તાલુકાના છત્રાલ નજીક બિલેશ્વરપુરા ખાતે પ્રેસ્ટિજ હોટલ પાછળ આવેલી એલ્યુમિનિયમ ઓગાળીને રિસાયકિલગ કરતી ફેકટરીમાં ગઈરાત્રે ભીષણ આગ લાગતાં નાસભાગ મચી જવા પામી હતી. ફેકટરીમાં અચાનક કોઈ કારણોથી લાગેલી આગ બેકાબૂ બનતા તાત્કાલિક ગાંધીનગર ફાયર બ્રિગેડ ઉપરાંત અમદાવાદ, કડી, કલોલ અને ઓએનજીસીની ફાયર બ્રિગેડની ટીમો દોડતી થઈ ગઈ હતી. બેકાબૂ બનેલી આગને કાબૂમાં લેવા બે લાખ લીટરથી વધુ પાણીનો મારો ચલાવી આગ ને માંડ કાબૂમાં લીધી હતી.

છત્રાલ પાસે બિલેશ્વરપુરા નજીક પ્રેસ્ટિજ હોટલ પાછળ આવેલી એરફીન ઈન્ડિયા લિમિટેડ નામની એલ્યુમિનિયમ ઓગાળી તેને રિસાઈકલિંગ કરતી ફેકટરીમાં મોડી રાત્રે અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આ ઘટનાને પગલે અમદાવાદમાંથી બે વોટર બ્રાઉઝર, કડીમાંથી બે વોટર બ્રાઉઝર, કલોલમાંથી એક બ્રાઉઝર, ઓએનજીસીમાંથી ફાયર ફાઈટર અને ગાંધીનગર ફાયરબ્રિગેડ માંથી એક વોટર બ્રાઉઝર બનાવ સ્થળે ખડકી દેવામાં આવ્યા હતા અને એલ્યુમિનિયમ ઓગાળતી ફેકટરીમાં બેકાબૂ બનેલી આગને કાબૂમાં લેવા અલગ-અલગ ફાયર બ્રિગેડની ટીમોએ ભારે જહેમત ઉઠાવી હતી. બે લાખ લિટર પાણીનો મારો ચલાવીને આગને માંડ કાબૂમાં લેવામાં આવી હતી. ફેકટરીમાં કેવી રીતે આગ લાગી તે બાબત હજુ તપાસનો વિષય છે. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી જોકે ફેકટરી માલિકનું માનીયે તો તેમની ફેકટરીમાં અંદાજે બે કરોડનું નુકસાન થવા પામ્યું છે. નોંધનીય બાબત છે કે આટલી મોટી ફેકટરીમાં ફાયરસેફ્ટીના મામલે મીંડુ હોવાનું જાણવા મળ્યું છે.

તાજેતરમાં સહકાર સેતુ નેશનલ અમ્બ્રેલા સુમિત ૨૦૧૮ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની સહકારી બેન્કો માં શ્રેષ્ઠ દેખાવ કરવા બદલ ધી ગાંધીનગર અર્બન કો. ઓપ. બેન્ક લિ. ને ગુજરાત અર્બન કો, ઓપ. બેન્કસ ફેડરેશન દ્વારા Gross NPA અને Per Employee Business (ઓછા કર્મચારી દીઠ વધારે બિજનેસ) કરવા બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ સિદ્ધિ હાંસલ થતા બેન્કના ચેરમેન શ્રી કાલિદાસ પટેલે બેન્કના કર્મચારી, સભાસદો, થાપણદારો અને તમામ ગ્રાહકો નો આભાર વ્યક્ત કર્યો હતો.




## રાજયકક્ષાની ડાન્સ સ્કેટ સ્પર્ધામાં ગાંધીનગરના ખેલાડીઓ ઝળકયાં...!!



તાજેતરમાં વડોદરા મુકામે આઈડિયલ સ્કુલ ખાતે ડાન્સ સ્કેટ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા રાજયકક્ષાની ડાન્સ સ્કેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્કેટિંગ શુઝ પહેરીને ડાન્સ કરવાનો હોય છે. તાલ, લય, હાવભાવની સાથે બેલેન્સ પણ કરવાનું હોય છે. ડાન્સ સ્કેટ એસોસિએશન દ્વારા આયોજિત સ્પર્ધામાં રાજયની કુલ ૮ ટીમ સાથે ૧૨૦ સ્પર્ધકોએ ભાગ લઈ પોતાની કલા પ્રદર્શિત કરી હતી.

આ સ્પર્ધામાં ગાંધીનગરની ટીમના ખેલાડીઓ વિજેતા થવા પામ્યા હતા. બીએસકે-૮ સ્કેટીંગ ટીમના ૩૫ ખેલાડીઓએ ગોલ્ડ મેડલ તેમજ ૨ ખેલાડીઓએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો.

રાજયકક્ષાની સ્પર્ધામાં પ્રથમ નંબર ગાંધીનગર, દ્વિતીય નંબર રાજકોટ અને તૃતીય નંબર અમદાવાદનો આવ્યો હતો. તમામ વિજેતા ખેલાડીઓને મેડલ, સર્ટીફીકેટ અને ટીમ ટ્રોફી આપીને બિરદાવવામાં આવ્યા હતા.

## @ગાંધીનગર

● ગાંધીનગર જિલ્લા પેન્શનર્સ સમાજના ચારેય તાલુકના મંડળના સભ્યોનો સ્નેહમિલન સમારંભ સવારે ૯ કલાકે ૪૮ ગામ કડવા પાટીદાર ઉમિયા સમાજવાડી માણસા ખાતે યોજાશે.

● અખિલ ભારત અનુ. જાતિ જનજાતિ માનવ વિકાસ પરિષદની વાર્ષિક સાધારણ સભા બપોરે ૩.૩૦ કલાકે પ્લોટ નં. ૭૫૭/૨, સે-૨-ડી ખાતે મળશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન અશોકભાઈ પંડયા બ્લોક નં. ૧૧૫/૧, છ ટાઈપ ખાતે યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે શ્રાવણ સુદ ૧૪ના રોજ મકાઈના હિંડોળાના દર્શન સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક સુધી યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા લઘુરૂદ્રાભિષેક સવારે ૮.૩૦ કલાકે કીરીટભાઈ શુકલ પ્લોટ નં. ૧૦૦/૨, સે-૭-ડી ખાતે યોજાશે.

● ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની માસિક બેઠક સાંજે ૫.૩૦ કલાકે ઘ ટાઈપ ૯૧/૧, નિસર્ગ કોમ્યુનિટિ સાયન્સ સેન્ટર, સે-૨૩ ખાતે મળશે.

● શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે એલચી લવિંગના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

## ઠાકોર સમાજના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

ક્ષત્રિય ઠાકોર સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા આવનારી પોલીસ કોન્સ્ટેબલની ભરતીના માર્ગદર્શન માટે ઠાકોર સમાજના વિદ્યાર્થીઓ માટે ૨૭મી ઓગષ્ટ ૨૦૧૮ના રોજ સવારે ૧૧ કલાકે ધોળાકુવા ગાંધીનગરના કોમ્યુનીટી હોલ ખાતે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઠાકોર સમાજના વિદ્યાર્થીઓને પોલીસ કોન્સ્ટેબલના ફોર્મ ભરવામાં પડતી મુશ્કેલીઓ તેમજ પોલીસ કોન્સ્ટેબલની લેખિત તેમજ પ્રેકટીકલ પરીક્ષા માટે જરુરી માર્ગદર્શન આપવામાં આવશે. આ સેમિનારમાં સંચાલક કનકસિંહ ઠાકોર દ્વારા માર્ગદર્શન પુરું પાડવામાં આવશે. આથી ગાંધીનગર તેમજ અમદાવાદના વિસ્તારના સમાજના વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં આ સેમિનારનો લાભ લેવા પ્રમુખ ધર્મેશ ઠાકોર દ્વારા જણાવાયું છે.

## શૈક્ષણિક લાયકાતાવાળા એપ્રેન્ટીસો..આનંદો

એપ્રેન્ટીસ તાલીમાર્થીઓના એપ્રેન્ટીસ પ્રોત્સાહક સ્ટાઈપેન્ડ હેઠળ પ્રતિ માસ રૂ. ૧૫૦૦ ચુકવવાની યોજના અમલમાં હતી જે તા. ૩૧-૩-૨૦૧૮થી બંધ કરી તા. ૧-૪-૨૦૧૮થી મુખ્યંમત્રી એપ્રેન્ટીસ યોજના અમલમાં મુકવામાં આવી. જે ઉદ્યોગોને પ્રોત્સાહન આપશે. આ ઉદ્યોગો મારફતે ગ્રેજયુએટ-ડીપ્લોમા અને વ્યાપાર તેમજ અન્ય એપ્રેન્ટીસોને પ્રતિમાસ રૂ. ૩૦૦૦, રૂ. ૨૦૦૦ અને રૂ. ૧૫૦૦ ચુકવવામાં આવશે જે નેશનલ એપ્રેન્ટીસ ટ્રેઈનીંગ સ્કીમ ઉપરાંતની રહેશે. ફકત રૂ. ૧૫૦૦ની રકમ મળતી હતી તેને બદલે બીજા સ્વરૂપે મળશે.

## ચિરવિદાય

- સ્વ. મહેશભાઈ મહાદેવભાઈ સીરખીયા, ઉ.વ. ૨૨
- સ્વ. રામુબેન મફાજી ડાભી, ઉ.વ. ૭૦
- સ્વ. રાજેશકુમાર બળવંતસિંહ ભાટી, ઉ.વ. ૫૦
- સ્વ. જાની કંચનબેન બળવંતરાય, ઉ.વ. ૯૧